
ભાગ-૧

# દૂધનું દૂધ





## અને

ભાગ-૧

# પાણીનું પાણી

## વાંચો વિચારો અને સમજો

## ધોળું તેટલું દૂધ નથી હોતું

ન્યોછાવર : નિઃશુલ્ક વિતરણાર્થે

**કૃષ્ણસેવા સદા કાર્યા.....તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા** (સિદ્ધાંત મુકતાવલી ગ્રંથ)

ભગવદ્‌સેવા માટે બીજાનું ધન લેવું કે બીજાને ધન આપવું તે ભગવત્સેવા કરવાની ઉચિત રીત નથી. તેથી શ્રીમહાપ્રભુજી તનુજા સેવા અને વિત્તજા સેવા એમ બે નોખી સેવા કરવાનો ઉપદેશ આપતા નથી. પણ તનુવિત્તજા એમ એક જ સેવા કરવાનો ઉપદેશ આપે છે.

**(શ્રીગુસાંઈજીની વ્યાખ્યા)**

સેવા માટે બીજાને ધન આપવાથી અહંકાર વધે છે. સેવા માટે બીજાનું ધન લેવાથી સેવા નિષ્ફળ બની જાય છે.

**(શ્રીપુરુષોત્તમજીની વ્યાખ્યા)**

## કર્તવ્ય - અકર્તવ્યનો વિચાર

આ પુસ્તિકામાં આપણે (બ્રહ્મસંબંધી જીવે) શું કરવું અને શું ન કરવું તે વિશે થોડું વિચારીશું. સમજણ પડવી કે ન પડવી તેને ભગવદ્ ઈચ્છા પર છોડીશું. ભૂતલ ઉપર આપણે મનુષ્ય તરીકે ઓળખાઈએ છીયે કેમકે, આપણામાં મનીષા (બુદ્ધિ) ભગવાને મૂકી છે. આ મનીષાનો સદ્‌ઉપયોગ કરીએ તો જ માણસ કહેવાઈએ, નહી તો કહેવત છે તે પ્રમાણે 'વિદ્યા હીન જન તે પશુ' (જેવા ગણાઈએ).

વિદ્યા એટલે જ્ઞાન; - જ્ઞાનનો સંબંધ બુદ્ધિ સાથે છે અને જ્ઞાનની વૃદ્ધિનો સંબંધ અભ્યાસ સાથે છે. સાચો સારો અભ્યાસ

સાચા સંગથી જ મળે અને સાચા સંગની ઓળખાણ છે એવો સત્સંગ જે પુષ્ટિઅસ્મિતા વર્ધક હોય.

સાચો સત્સંગ આપણામાં પુષ્ટિઅસ્મિતા જાગૃત કરાવે છે. હું કોણ? ક્યાંથી આવ્યો? મારું કર્તવ્ય શું? બ્રહ્મસંબંધ શા માટે લેવું જોઈએ? તે પછીનું કર્તવ્ય શું? શું નથી કરવાનું અને આપણે શું ખોટું કરી રહ્યા છીએ તેનું ભાન કરાવી યથાર્થ માર્ગદર્શન આપે છે.

સાચી સમજણને આચરણમાં મૂકવાથી અને સાચી દીશામાં ચાલવાથી જ, આપણે શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં સાચા બ્રહ્મસંબંધી વૈષ્ણવ સાબિત થઈ શકીએ છીયે. આવા સત્સંગનું સતત



મનન કરવાથી અને ભગવાને આપણને આપેલી મનીષા (બુદ્ધિ)નો ઉપયોગ કરવાથી સમજાશે કે દૂધ શું? અને પાણી શું? અર્થાત્ **દૂધ અને પાણીનો તફાવત** સમજાશે, પછી સમજણ આવતા સાચા અર્થમાં ખબર પડશે કે, દુનિયામાં **દેખાતું બધું ધોળું કાંઈ દૂધ નથી હોતું.**

આપણને સૌને સામાન્ય જાણકારી છે જ કે, દૂધ એ ઉત્તમ ખોરાક છે, જેમાં પાણીની ભેળસેળ થવાથી તેની ઉત્તમતામાં ક્રમશઃ ઘટાડો થઈ જાય છે. દરેક દૂધ વાપરનાર કે લેનાર, દૂધની ચકાસણી વિવેક વાપરીને કરતો જ હોય છે. તેવું દરેક સત્સંગ કરનારે સત્સંગ કરાવનાર માટે ચકાસવું જોઈએ.

પરંતુ આજનાં યુગમાં **'લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે'** તે ઉક્તિથી, સ્વાસ્થ્યને હાનિકારક એવું **ચુરીયાનું (કેમીકલવાળું) દૂધ** વ્યવહારમાં આવી ગયું છે. જે લેવાથી આપણા સ્વાસ્થ્યને નુકશાન જ પહોંચાડે છે. કીડની ફેઈલ થઈ જવી, બ્લડ પ્રેશર વધી જવું, ચામડીના રોગો, કેન્સર વિગેરેને આમંત્રણ આપી આપણો જ સર્વનાશ આપણે નોતરીએ છીએ.

વૈજ્ઞાનિક ન્યુટને સમજાવ્યું છે કે જો યથા યોગ્ય માત્રામાં સાત રંગો (જાંબલી, વાદળી, ભૂરો, લીલો, પીળો, નારંગી, લાલ)નું મિશ્રણ કરવામાં આવે તો તે **શુદ્ધ સફેદ - શ્વેત** - ધવલ રંગ બને છે.



આ સફેદ રંગમાં **કોઈ પણ રંગ** નક્કી કરેલી માત્રા કરતા જરા પણ વધારે કે ઓછા પ્રમાણમાં ભળે છે તો તે પોતાનું **શુદ્ધ ધવલપણું** કે **શ્વેતપણું** ગુમાવી દે છે. આવો રંગ **'અશ્વેત'** કહેવાય છે (અર્થાત જે **'શુદ્ધ-સફેદ'** નથી તે).

**શું આવું જ કાંઈક આજે સંપ્રદાયમાં દેખાતું નથી?** સેવા-સ્મરણ માટે શ્રીમહાપ્રભુજીએ બતાવેલ સિદ્ધાંતો કર્તવ્ય પાલનની તત્પરતા, વિરુદ્ધ ક્રિયા દેખાતી નથી ?

જેમ **ધોળા પ્રવાહિને** (ચુરિયાવાળાને) દૂધ માનીને ગ્રહણ કરવાથી સ્વાથ્યને હાની થાય છે, તેમ આવા ભેળસેળવાળા સેવાના

પ્રકારથી સ્વાર્થ-દંભ-પાખંડ વિગેરે યુક્ત ક્રિયાથી શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયને આપણે જોખમમાં મુકી દઈએ છીએ.

આ વિશેની સાચી સમજણ આવે છે, શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોના અધ્યયનથી - શ્રીગોપીનાથજી - શ્રીગુસાંઈજી - શ્રીગોકુળનાથજી - શ્રીહરિરાયજી - શ્રીપુરુષોત્તમજી (લેખવાળા સુરત) વિગેરેના ગ્રંથોથી - તેમનાં મંતવ્યો (ટીકાઓ)થી અને તેમણે આપેલ માર્ગદર્શન પ્રમાણે જીવન જીવવાથી.

હવે જોઈએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા, **'જીવનું શું કર્તવ્ય છે?'** આવો જ પ્રશ્ન કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજીને પૂછ્યો છે અને તેનો



પ્રત્યુત્તર ત્યાં આપેલો છે. (વાંચો ૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક-૨ પ્રસંગ-૬) તેનો સાર વિચારીયે તો સમજ પડશે અને પછી વધુ અભ્યાસથી, સાચા આચરણથી આપણે સંપ્રદાયમાં દૃઢ થઈ શકીશું.

જીવનું કર્તવ્ય શું? તે માટે અનેક સૂચનો સંપ્રદાયનાં સ્થાપનકર્તા અને પુષ્ટિ-ભક્તિમાર્ગનાં પ્રણેતા શ્રીમહાપ્રભુજીએ અનેક જગ્યાએ સમજાવી **પુષ્ટિ-ભક્તિ સંપ્રદાયમાં આપણું (બ્રહ્મસંબંધી વૈષ્ણવોનું) કર્તવ્ય શું ? અને અકર્તવ્ય શું ? તે સમજાવ્યું છે.** જેનું આચરણ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં જોવા મળે છે. કેટલાક વચનો જોઈશું અને વિચાર કરી સમજીશું તો આપણને **દૂધ અને પાણી વચ્ચેનો** તફાવત સમજાશે, આ વચનો જેવા કે,..........

(૧) **બીજ-દાઢર્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ** (ભક્તિવર્ધિની ગ્રંથ) જેમાં ગૃહસેવા જ સ્વધર્મ છે તેવો ઉપદેશ છે. (જાહેરમાં બધાને બતાવવા કરાતી સેવાનો નહી) માટે દરેક વાર્તામાં શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી પોતાના સેવકને જણાવે છે **'અબ ઘર જાઈ કે સેવા કરો'**

(૨) **ચેતસ તત્ પ્રવણં સેવા, તત્ સિદ્ધયે તનુ-વિત્તજા** - (સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ) અહિયા એ જણાવવામાં આવે છે કે, સેવા પોતાના ઠાકોરજીની જ - પોતાનાં ઘરમાં - પોતાનાં જ તન-મન-ધનથી કરવાની. (બીજા કોઈ પાસેથી માંગેલા ધનથી નહીં)

(૩) **કૃષ્ણસેવા સદા કાર્યા........** (સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ) જેમાં



શ્રીકૃષ્ણસેવાની નિત્યકર્તવ્યતાનો ઉપદેશ છે. (ફકત ઉત્સવને દિવસે કે મનોરથોમાં જ દોડા-દોડી કરી સેવા કરવાનો નહી).

(૪) **સર્વદા સર્વભાવેન............** (ચતુશ્લોકી ગ્રંથ) પુષ્ટિમાર્ગીય જીવો માટે ઐહિક પારલૌકિક સર્વવિધ હિતના સિદ્ધ કરવાવાળા વ્રજાધિપ જ સર્વાત્મભાવથી સેવનીય છે. જેમાં પોતાના ઘરમાં પોતાના તનમનધનથી, પોતાના જ સેવ્ય શ્રીઠાકોરજીમાં ચાર પુરુષાર્થોથી (ધર્મ - અર્થ - કામ-મોક્ષ) કેવી રીતે પંચમ પુરુષાર્થ રૂપી ભક્તિ સિદ્ધ થાય તે સમજાવ્યું છે વિગેરે.....વચનો જોવા જોઈએ.

**આપણાં સંપ્રદાયનું શ્વેતપણું એ છે કે, આપણાં ચાર**


**પુરુષાર્થો, ધર્મ - અર્થ - કામ -અને મોક્ષનો ઉપયોગ પોતાના ઘરમાં પોતાના તન-મન-ધનથી, પોતાના જ સેવ્ય શ્રીઠાકોરજીમાં ભગવદ્ સુખાર્થે વાપરી પંચમ પુરુષાર્થ સ્વરૂપ ભક્તિ પ્રગટ કરી ફલ સ્વરૂપે ભગવદાસક્તિ દૃઢ કરવી.**

જ્યારે આ જ ચારે પુરુષાર્થોને પોતાનાં સ્વાર્થ માટે - વિષય સુખ માટે - પોતાનાં લાભ માટે - પોતાની પૂજા માટે - વાહવાહી માટે વાપરવામાં આવે છે ત્યારે તે જીવને ફલ સ્વરૂપે **સંસારાસક્તિ** જ મળે છે.

આવું જ્યારે ભક્તિમાં કરવામાં આવે તો અશ્રેતપણું જ પ્રગટ થાય છે અને આવી થતી દરેક ક્રિયાઓમાં દેખાડો, દંભ - પાખંડ - સ્વાર્થ



વિગેરેની પ્રાધાન્યતા હોય છે, અને તેથી જીવ બર્હિમુખ થઈ જાય છે.




## સંસારાસક્તિ

અર્થ મોક્ષ
ધર્મ કામ

માટે જ સંપ્રદાયમાં, ધર્મ અર્થ કામ મોક્ષનાં પગલાં ભરીને ચાલવામાં આપણે આપણી દિશા આપણે જ નક્કી કરવાની છે. ખોટી દિશાનાં પગલાં આપણને પ્રભુ તરફ નહીં પરંતુ અહંતા- મમતાત્મક સંસારમાં ઢસડીને લઈ જશે અને **સંસારનાં વિષયાસક્તિનાં કાદવમાં દેડકાની જેમ** રગદોળતા કરી દેશે અને સંસારના કાવાદાવામાં (માયામાં)

રચ્યા પચ્યા રહીશું અર્થાત સંસારાસકત બની જઈશું....જ્યારે...

મોક્ષ અર્થ કામ ધર્મ



## ભગવદાસક્તિ

.....જ્યારે **શ્રીઠાકોરજીનો-શ્રીમહાપ્રભુજીનો મનોરથ** - (આપશ્રીનું ભૂતલ ઉપર જે પ્રાકટ્ય થયું છે તેનો હેતુ વિચારવો), એ છે કે આપણે એ સંસારનાં **વિષયાસક્તિનાં કાદવમાંથી કમળની જેમ શુદ્ધ સ્વરૂપે** કાદવનાં ગુણધર્મોથી લેપાયા વગર સંસારમાં રહી ભગવદાસક્તિ તરફ વળી જઈએ. આ માટે જરૂર છે,



**શુદ્ધ આચાર-વિચાર સાથે શ્રીમહાપ્રભુજીએ બતાવેલા સિદ્ધાંતોને આચરણમાં મૂકવાની આપણી તત્પરતાની.**

આવી તત્પરતાને પોષણ આપી શકે છે માત્ર આપણી **'ગૃહસેવા'** જે આપણે આપણા માથે બિરાજતા જ પ્રભુની સેવા, પ્રભુનું સ્મરણ, જ્યારે કોઈપણ જાતનાં લૌકિક લાભ-દંભ-પાખંડ, સ્વાર્થ દેખાદેખી વગર, ગામમાં કોઈને પ્રદર્શન કરાવ્યા વગર કરીયે છીયે તો જ શક્ય બને છે અન્યથા નહીં.

કેમકે, શ્રીમહાપ્રભુજી જણાવે છે કે **ગુપ્તો હિ રસઃ રસત્વમાપદ્યતે અગુપ્તો રસઃ રસાભાસઃ સ્યાત્** અર્થાત્ ભક્તિ-

સેવા-કથા-કિર્તન-સ્મરણ બધું જ ગુપ્ત રાખી પોતાનાં જ ઘરમાં, પોતાનાં જ પરિવારજનો સાથે (ગામનાં સાથે નહી), ભગવદ્ સુખાર્થે કરવાનું છે તેવું બધા ટીકાકારો સમજાવે છે.

આ ક્રિયા, જો આપણે આચરણમાં મુકશું તો અને ભગવદ્ ઈચ્છા હશે તો, આપણામાં 'પુષ્ટિ અસ્મિતા' જાગૃત કરી દૃઢ થશે અને **ભગવદાસક્તિ** તરફ જઈ શકીશું.

જે શક્ય બને છે શુદ્ધ-સાત્વિક સિધ્ધાંત સભર સત્સંગથી અને તે સમજીને આચરણમાં મુકવાથી. સાચો સત્સંગ કોનો કહેવાય ? તે માટે જલભેદ ગ્રંથ જોવો.



માટે જ અર્જુનને ભગવદ્ ગીતામાં ઉપદેશ આપતા ભગવાન જણાવે છે... **સંગાત્ સંજાયતે કામઃ, મામેકં શરણં વ્રજ,...- વિગેરે,** ભગવાનનાં આવા સૂચનો ભક્તને સેવા-ભક્તિ અંતર્ગત સંગ કરી આચરણમાં મૂકવાનાં બતાવ્યા છે. આ વાક્યોને **પ્રમાણ અંતર્ગત** શ્રીમહાપ્રભુજીએ સ્વીકારી પોતાનાં પરીવારજનો સાથે દાસભાવ પ્રધાન - અસમર્પિતના ત્યાગ સાથે - અન્યાશ્રય રહિત ગૃહસેવાનો પ્રકાર ગોઠવ્યો છે.

આપશ્રીનાં વચનોથી વિરૂદ્ધ જનારને શું ફળ મળે ? તે આપણે સમજી લેવું પડશે. કેમકે, **સફેદ દેખાતું બધું કાંઈ દૂધ નથી હોતું.**

☞ **વલ્લભાષ્ટકમાં શ્રીગુસાંઈજી** જણાવે છે વાણીના અધિપતી (શ્રીમહાપ્રભુજી) વિના બીજો કોઈ શ્રુતિ-સમુહના વચનોનો (ગૂઢ) ભાવ (તાત્પર્ય) સંપૂર્ણપણે જાણવા માટે સમર્થ નથી. કારણકે, સતી સ્ત્રી પોતાનો (હ્રદયનો) ભાવ (પોતાના) પતિની જ સન્મુખ પ્રગટ કરે છે (બીજે નહિ).

તે (કારણ) થી હે શ્રીવલ્લભ નામવાળા (શ્રીમહાપ્રભુજી)! જે લોકો આપે કહેલ વચન (વેદાર્થ) થી અન્યથા નિરૂપણ કરે છે તે લોકો ભ્રાંત છે કેવળ અન્ધન્તમને (એક પ્રકારના નરકને) પ્રાપ્ત થનાર છે. (વલ્લભાષ્ટક - ૩)



☞ **અથવા સર્વદા શાસ્ત્રં શ્રી ભાગવતમ્ આદરાત્ ।**
**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુ વિવર્જિતમ્ ॥**
**વૃત્યર્થેનૈવ યુંજીતે પ્રાણૈઃ કંઠગતૈરપિ ।** (શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણય સાધન પ્રકરણ' ગ્રંથ)

આ વચનોના અર્થનો વિચાર કરીયે તો, જો પોતાના ઘરમાં શ્રીકૃષ્ણની (સર્વસમર્પણપૂર્વકની) સેવા પણ ન નભી શકે અને તીર્થાટન પણ ન થઈ શકે તો નિરંતર આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો. પરંતુ આ ભાગવતના પાઠ સાથે અન્ય કોઈ હેતુ (કારણ) જોડાઈ ન જાય તે વાતની અત્યંત સાવધાની રાખવી.

તેમાં આજીવિકાના હેતુથી (પૈસા લઈને) તો પ્રાણ ગળા સુધી આવીને અટક્યા હોય તો પણ **ભાગવત કથાથી પોતાનો નિર્વાહ ન ચલાવવો.** જે કરતું હોય તેનો સંગ ન કરવો અને તેને સાથ ન આપવો તેવું ટીકાકારો જણાવે છે.

☞ **જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિન ॥** (શ્રીમહાપ્રભુજી 'જલભેદ' ગ્રંથ)

જલભેદ ગ્રંથનાં ટીકાકારો જણાવે છે કે ભગવદ્ ગુણગાન (કીર્તન, ઢાઢીલીલા, ભાગવત કથા-સત્સંગ) કરીને આજીવિકા કરવાવાળા (પૈસા લેનારા) નીચ પુરુષોનો **ભાવ એઠવાડના**



**પાણી જેવો છે.** (અર્થાત આવુ કરનારના મોઢેથી ભગવદ્ ગુણગાન સાંભળવું એ એઠવાડનું પાણી પીધા બરાબર છે.)

(આપણે શું કરવું ? આવું કોઈ કરતું હોય તો, આપણે ત્યાં જઈને સાંભળીને, બેસીને કે વાહવાહ કરીને, **સાથ ન આપવો** કેમકે તે કરનાર અને કહેનાર શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું માત્ર ઉલ્લંઘન જ નહીં પરંતુ ક્રિયા દ્વારા અપમાન પણ કરી રહ્યો છે અને જો આપણે ત્યાં હાજર છીએ તો, તેવી વ્યક્તિનાં સમર્થનકાર અને સાક્ષી બનીએ છીયે. કોઈ પણ ગુનામાં ગુનો કરનાર કરાવનાર અને ગુના વખતે હાજર રહેનાર, અપકૃત્યમાં

સરખા જ ભાગીદાર ગણાય છે.)

૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૧૯, દિનકરદાસ મુકુંદદાસમાં પ્રસંગ-૧ શ્રીહરિરાયજી ભાવપ્રકાશમાં જણાવે છે કે **'તાતે જાકે મુખસો સુનિયે તાકી જૂઠન કર્ણ દ્વારા હૃદયમેં રસ જાય, અન્યાશ્રયીકો** (જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિરુદ્ધ વર્તી રહ્યો છે તેવાનું) **જૂઠો હૃદયમેં ગયે શ્રીઆચાર્યજી કૌ આશ્રય દૃઢ ન હોઈ'** (વાર્તા વાંચવી)

આમ (જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તેનું સાંભળીયે તો આપણામાં તેવો જ ભાવ વધે - **ભક્તિ નહીં**



માટે - બહિર્મુખ થઈ જવાય). ભાગવત્ સપ્તાહ કરનારાઓ માટે દયારામભાઈ જણાવે છે.

**"ભાગવત ભણીને શું કીધું ઓ ભાઈ રે તેં ભાગવત ભણીને શું કીધું ? મારે જંતુ અહિ મણિ અજવાળે તેમ તેં ઉદર પોષિ લીધું. પારસમણિનું પાત્ર પાણિમાં ઘેર ઘેર ભિક્ષા માંગે..." વિગેરે.**

શ્રીમહાપ્રભુજીનો આગ્રહ છે કે; **સર્વહેતુ વિવર્જિતમ્, અને નિર્હેતુકમદમ્ભતઃ** અર્થાત્ ભાગવત વાંચવું કોઈપણ જાતના હેતુ કે દંભ (દેખાડા-પ્રદર્શન-ભવાડા વિગેરે) વિના ફક્ત શ્રીઠાકોરજીની **લીલાના અવગાહન કરવા** માટે પઠન નિત્ય

હોવું જોઈએ. **નહિં કે શ્રીમહાપ્રભુજીની કે શ્રીગુસાંઈજીની બેઠક કે શ્રીઠાકોરજીના મંદિરના જીર્ણોદ્ધાર માટે કે હોસ્પીટલ બાંધવા માટે કે કોઈનાં દેહાંત પછી મુકિત માટે.**

બ્રહ્મસંબંધી વૈષ્ણવે આવા ભાવથી ભાગવત વાંચવું, કે વંચાવવું જોઈએ કે સાંભળવું જોઈએ નહીં. કેમકે, આવું કરવાથી **ગુરૂ-શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના ઉલંઘનનો અને ભગવદ્ આજ્ઞા ઉલંઘનનો દોષ લાગે છે** અને જીવ બહિર્મુખ થઈ જાય છે. (અન્ધતમમ્‌ને (એક પ્રકારનાં નરકને) પ્રાપ્ત કરે છે.

શ્રીકલ્યાણરાયજી જલભેદ ગ્રંથની ટીકા કરતા જણાવે છે કે જે



લોકો ભગવદ્ ગુણગાનને પોતાની આજીવિકાનું સાધન બનાવે છે, **તેવા ગુણગાન કરનારાઓ** તો અપવિત્ર-મલિન જલને ભેગું કરવા માટે જમીનમાં ખોદવામાં આવતા ખાડાના જલ જેવા હોય છે. (આવું પીવાનું પાણી જેમ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, તેવું જ **તેમના** સંગ અને સત્સંગનું સમજવું)

☞ શ્રીહરિરાયજી **ષટ્ષષ્ઠિરપરાધાસ્તત્ફલાનિ પ્રાયશ્ચિત ગ્રંથમાં** જણાવી રહ્યા છે કે,

**૧૧મો અપરાધ** : અવૈષ્ણવ સમક્ષ પોતાને ઘરે બિરાજતા શ્રીઠાકોરજીનું પ્રદર્શન કરવું.

**ફલ** - એક વર્ષની સેવા નિષ્ફળ થઈ જાય છે. (શ્રી ઠાકોરજી છોવાઈ જાય છે.)

**પ્રાયશ્ચિત** - શ્રીઠાકોરજીને પંચામૃતથી સ્નાન કરાવવું. **(શું દર્શન ખુલે છે ત્યારે દર્શનાર્થી બધાં બ્રહ્મસંબંધી છે કે નહિં તેની ચકાસણી થાય છે?** રોજ બધે શ્રીઠાકોરજીને શુદ્ધ કરવા પંચામૃત સ્નાન થાય છે ખરૂં ? આપણે વિચારવું જ રહ્યું.)

**૩૬મો અપરાધ :** શ્રીઠાકોરજી (શ્રીભાગવત કે શ્રીયમુનાજીની લોટીજી)ના નામે (ભેટ, સામગ્રી, પોથીસેવા કે ન્યોછાવર) માંગવું.



**ફલ** - સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે.

**પ્રાયશ્ચિત** - જેટલું માંગ્યું કે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણું નૈવેદ્ય **પ્રભુને દાન** (નહિં કે સમર્પણ) રૂપે આપવું. **(શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં તો શ્રીઠાકોરજી બીજા પાસેથી લીધેલું કે માંગેલું અરોગતા જ નથી** જુઓ પાનું ૨૮ થી ૩૧**)**

☞ શ્રીહરિરાયજી કૃત બડે શિક્ષાપત્ર ૧૮નાં, શ્લોક ૧૪-૧૫ની ટીકા કરતા આપના ભ્રાતા **શ્રીગોપેશ્વરજી જણાવે છે કે <u>'વૈષ્ણવ ભગવત્સેવા કરે અને શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તથા વ્રજભક્તો</u> આ ચારેને પરમતત્વ મનમાં**

**જાણે અને તેના બરાબર લૌકિકમાં (આ લોકમાં) કોઈને જાણે નહિં.** (જે આ પરમતત્વ બરાબર લૌકિકમાં સરખામણી કરશે) તેનો શીઘ્ર નાશ થશે (અને આ લોકમાં-ભૂતલ ઉપર જે કોઈ આવું કરે કે કહે) **તેને અસૂર જાણવો.'**

☞ **જે સંપ્રદાયમાં અધિકારી (ટ્રસ્ટી) બને છે તેનો બગાડ જ થાય છે.** (વાંચો ૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક - ૮૪, કૃષ્ણદાસની પ્રસંગ ૧૦) પાછેં શ્રીગુસાંઈજી આપુ શ્રીગોવર્ધનધરસોં પૂછેં જો 'મહારાજ! કૃષ્ણદાસકી તો દેહ છુટી...... **સો હમ કૌનકો અધિકાર દે કે બિગાર કરેં?** તાસોં



આપુ કહો તાકોં અધિકારી (ટ્રસ્ટી) કરેં.'

તબ શ્રીગોવર્ધનનાથજી કહેં જો **'હમહું કૌન જીવકો બિગાર કરેં? જો કોઈ અધિકાર લેયગો (ટ્રસ્ટી બનેગો) તાકો બિગાર હોયગો.** તાસોં તુમ એક કામ કરો જો અધિકાર કો દુસાલા લે સબ કી આગે કહો (જો) જાકો અધિકાર કરનો હોય (ટ્રસ્ટી બનનો હોય) સો દુસાલા ઓઢો. તબ જો આયકે કહે, તાકો દેવ. **સો જાકો ગિરનો હોયગો સો આપુહી આયગો.'**

(સિદ્ધાંત નવનીતઃ **આનો અર્થ સ્પષ્ટ એ થાય છે કે, જે વૈષ્ણવ અધિકારી બને તેનાં પક્ષમાં શ્રીગુસાંઈજી કે**

**શ્રીગોવર્ધનનાથજી નથી રહેતા કેમકે તેમાં તેનો બગાડ નિશ્ચિત છે. વાર્તામાં આવે છે કે કૃષ્ણદાસ અધિકારી પ્રેત થયા છે. જેનો ઉદ્ધાર શ્રીગુસાંઈજીએ શ્રાદ્ધ કરીને કર્યો છે)**

☞ એક વૈષ્ણવ બીજા વૈષ્ણવ પાસેથી લઈને પોતાના ઠાકોરજીને ફલ, ફૂલ, વસ્ત્ર, ખીલૌના, સામગ્રી, **કાંઈ પણ ધરે છે અથવા તો કોઈને આપે છે** તો તેનો શ્રીઠાકોરજી અંગીકાર કરતાં નથી.
- અનમના બિરાજે છે.

વાંચો ૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્ર. ૨૦૯ કિશોરીબાઈ પ્રસંગ-૨



અહિંયા જણાવે છે કે, "**સો એક દિન એક વૈષ્ણવને કિશોરીબાઈકો કછુ સામગ્રી દીની હતી. તબ કીશોરીબાઈને સિદ્ધ કરી કે શ્રીઠાકોરજીકો ભોગ સમર્પ્યો. તા દિન શ્રીઠાકોરજી આરોગવે કો પધારે નાહીં. તબ કીશોરીબાઈ અપને મનમેં બહોત ખેદ કરન લાગી.**"

**તબ શ્રીઠાકોરજી બોલે 'જો તેનેં મેરે લીચે સામગ્રી કયોં લીની? સો હમ કૈસે અરોગેં?'**

ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી કહે છે **યામે યહ જતાયેં જો ઔર કી સત્તા સામગ્રી અપને શ્રીઠાકોરજીકોં અરોગાવની નાહી.**

**ઔર કછુ વૈષ્ણવપેતેં લેકે શ્રીઠાકોરજીકો વિનિયોગ ન કરાવનો, સો શ્રીઠાકોરજી અંગીકાર ન કરેં.**

(સિદ્ધાંત નવનીતઃ અર્થાત્ **એક વૈષ્ણવ બીજા વૈષ્ણવ પાસે સેવા માટે કાંઈ પણ લે છે તે શ્રી ઠાકોરજીને પસંદ નથી પોતે અંગીકાર કરતા નથી પછી ભલે ને તે આપનાર, લેનાર કે માંગનાર ગમે તેટલા મોટા કહેવાતા વૈષ્ણવ હોય)**

(વિચારણીય : તો શું આજના થતા મનોરથોમાં શ્રીઠાકોરજી સામગ્રી અંગીકાર કરે ખરાં ? )



છેલ્લે વિચારીએ.....

**ભક્તિપોષણ ગ્રંથમાં** દયારામભાઈ જણાવે છે કે **જળને ગમે તેટલું મંથન કરો પણ તેમાંથી નવનીત ન નીકળે,** બધી જ મહેનત માથે પડશે. જ્યારે દૂધનું મંથન કરશો તો નવનીત નીકળશે. તેવી રીતે ભક્તિના પોષણ માટે **દૂધ જેવા સિદ્ધાંતોનું મંથન કરવું જોઈએ.** અને સાર રૂપે જે નવનીત પ્રગટ થાય તે સમજી વિચારી આચરણમાં મુકવું જોઈએ.

# સિદ્ધાંત નવનીત

જેમ ધોળું બધુ કાંઈ દૂધ નથી હોતું તેમ, જાહેરમાં થતી કે જોવામાં આવતી સેવા, ભાગવત કથા, મનોરથો વિગેરે સિદ્ધાંત વિરૂદ્ધ હોવાથી માખણ રૂપી ભક્તિ તેમાં તૈયાર થતી નથી. આવું કરવાથી જીવ બહિર્મુખ થાય છે અને ફલ સ્વરૂપ સંસારમાં (માયામાં) જ આસક્ત થઈ જાય છે.





આ સંકલનમાં નીચે જણાવેલા ગ્રંથો તથા વચનામૃતોની સહાયતા લીધી છે.

સંપ્રદાયના સાહિત્યમાંથી શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી વિગેરેના ગ્રંથો, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા, નીજવાર્તા - ઘરૂવાર્તા, સિદ્ધાંત વચનાવલી અને અમૃતવચનાવલી (સંયુક્ત પ્રકાશન-મુંબઈ-હાલોલ-માંડવી) જે પૂ.પા.ગો. શ્રીશ્યામમનોહરજી, પૂ.પા.ગો. શ્રીશરદબાવાના (માંડવી-હાલોલ) વચનામૃતોનું સંકલન છે, તેમાંથી લીધેલ છે.

નોંધ : અમારા જીવ સ્વભાવથી કોઈ દોષ સંકલનમાં રહી ગયો હોય તો અમારું ધ્યાન દોરવા વિનંતી.....

-શેષ ભગવદ્ ઈચ્છા